પ્રિ. ડૉ. ફાલ્ગુની દેસાઈ

શ્રી એમ. આર. દેસાઈ આર્ટ્સ એન્ડ ઈ. ઈ. એલ. કે. કૉમર્સ કોલેજ,
ચીખલી.

(ઈ - અભ્યાસ)



વિદ્યાર્થી મિત્રો,

**“કવિ વિશ્વ” - સુરેશ દલાલ**

**અને**

**“આંખ આ ધન્ય છે.” - નરેન્દ્ર મોદી**

અહીં બે સુંદર ગુજરાતી કાવ્ય સંગ્રહનાં

અંશ પ્રસ્તુત છે.

તમને આ ઝાંખી પરથી

બન્ને કાવ્ય સંગ્રહ વાંચવાની પ્રેરણા થશે.



- લાગે તે લખવું
લયમાં વિહરવું ને શબ્દોમાં ઠરવું.

છેકવું, ભૂંસવું લાગે તો
હેમખેમ રાખવું લાગે તો

લાગે તે લાગણી: રૂપ એનું નરવું.
લયમાં વિહરવું ને શબ્દોમાં ઠરવું.


સોનામાં શોધવાનો સોનાના ઘાટને
પગલાંને શોધવાનાં: નભ તો વિરાટ છે
આંખ-કાન ખુલ્લાં ને પૃથ્વી પર ફરવું.
લયમાં વિહરવું ને શબ્દોમાં ઠરવું.

# કવિ-વિશ્વ

## સુરેશ દલાલ

# અખો

**પ્રા**ચીન મધ્યકાલીન સાહિત્યમાં અખાનો અવાજ અનોખો છે. નરસિંહ, મીરાં, દયારામનું ગોત્ર એક કહી શકાય. પ્રેમાનંદનાં આખ્યાનો એટલે મારે મન એક કવિનું દિવસો સુધીનું કવિસંમેલન. શામળ એવો કવિ કે જે પ્રજાની કૌતુકવૃત્તિને – આજની ડિટેક્ટિવ નવલકથાની જેમ સ્પર્શે. જેમ સત્ત્વ, રજસ અને તમસ માણસમાત્રમાં હોય છે તેમ સાહિત્યમાં પણ આ ત્રણે ગુણો હોય છે, કારણ કે છેવટે સાહિત્ય પ્રગટે છે માણસમાંથી. નરસિંહનાં જ્ઞાનવૈરાગ્યનાં પદો અને પ્રભાતિયાં સાત્ત્વિકતાને સ્પર્શે છે, તો મીરાંની કવિતાનું માધુર્ય, લાવણ્ય અને ભક્તિની અખિલાઈ શબ્દોમાં બંધાઈ શકે એવાં નથી; પણ દર્શકે કહ્યું છે એમ મીરાં એટલે વિરહની શરણાઈ. નરસિંહ અને દયારામનાં કેટલાંક પદોમાં આપણા કહેવાતા આધુનિકો પણ ન આપી શકે એવો ઉઘાડો શૃંગાર છે, એની પણ નોંધ લેવી જોઈએ. પ્રેમાનંદ એક એવો કવિ, જે સૌને સ્પર્શી શકે. અખાની વાત જુદી છે. મારી દૃષ્ટિએ, મધ્યકાલીન સાહિત્યમાં જો કોઈ બુદ્ધિશાળી કવિ હોય તો તે એકલો અખો જ.



પોતે હરિને ન જાણે લેશ, અને કાઢી બેઠો ગુરુનો વેશ,
જ્યમ સાપને ઘેર પરોણો સાપ, મુખ ચાટી વળ્યો ઘેર આપ.
એવા ગુરુ ઘણા સંસાર, તે અખા શું મૂકે ભવપાર?

# નરસિંહ મહેતા



નરસિંહની કવિતાની મુલવણી કરીએ એ પહેલાં એની કવિતા-પ્રવૃત્તિના નેપથ્યમાં રહેલી ભક્તિને ન સમજીએ તો એના કાવ્યતત્ત્વનો પાર નહીં પમાય. ઈશ્વર એને મન કોઈ નિરાકારી તત્ત્વ નથી. એ તો એનો પ્રિયતમ પ્રભુ છે. ક્ષણે ક્ષણે એનું જીવંત સાન્નિધ્ય એ અનુભવે છે. ઈશ્વરને એ ગોપીભાવે ભજે છે. એની સાથે એ વાત કરે છે, રિસાય છે, લાડ કરે છે, હકદાવો કરે છે. એના ઉદ્ગારમાં એના હૃદયની આરજૂ, વિરહનો તલસાટ, મિલનની તૃપ્તિ, આસક્તિમય ભક્તિ – આ સર્વનો સમાવેશ થાય છે.

ગોપીમાં હું તો નરસૈયો, પ્રેમસુધારસ પીધો રે
સારમાં સાર અવતાર અબળા તણો
જે બળે બળિભદ્ર વીર રીઝે.
પુરુષ પુરુષાતન શું કરું, હે સખી?
જેથી નહિ માહરું કાજ સીઝે.
કોણ પુણ્યે કરી નાર હું અવતરી,
શ્રીહરિ દીન થઈ માન માગે.

જાગને જાદવા કૃષ્ણ ગોવાળિયા
તુજ વિના ધેનમાં કુણ જાશે?
ત્રણસે ને સાઠ ગોવાળ ટોળે મળ્યા
વડો રે ગોવાળિયો કુણ થાશે?

*

પ્રેમરસ પાને તું મોરના પિચ્છધર
તત્ત્વનું ટૂંપણું તુચ્છ લાગે.
દૂબળા ઢોરનું કુશકે મન ચળે
ચતુરધા મુક્તિ તેઓ ન માગે.

*

અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ
જૂજવે રૂપે અનંત ભાસે;
દેહમાં દેવ તું : તેજમાં તત્ત્વ તું :
શૂન્યમાં શબ્દ થઈ વેદ વાસે.

*

# દલપતરામ



આજે જો કોઈ આધુનિક કવિને કહીએ તું દલપતરામ જેવી કવિતા લખે છે તો એ છેડાઈ જશે, છંછેડાઈ જશે. વિવેચકોએ દલપતરામની કવિતાની દાખવેલી બધી મર્યાદાઓને લક્ષમાં રાખીએ તોપણ આ નવા કવિઓ કે સોફિસ્ટિકેટેડ વિવેચકોને એક પ્રશ્ન પૂછવાનું મન થાય છે કે આપણી પાસે દલપતરામ જેવી ભાષાની સરળતા દાખવી શકે એવા કવિઓ કેટલા? જળમાં જરાક પગ મૂકો અને તણાઈ જાઓ, એવી – આંટીઘૂંટી કે પ્રપંચ વિનાની સીધી ગતિ દલપતરામની છે. અને આપણા કવિઓ પાસે તો અતિ વિરલ એવી હાસ્યસૂઝ દલપતરામમાં છે. એમના હાસ્યમાં બોધ છે, પણ એ કવિનો બોધ છે, એટલે સ્પર્શે છે, પણ વાગતો નથી.

અન્યનું તો એક વાંકું,
આપનાં અઢાર છે.

રવિને શિર રિપુ રાહુ, ચંદ્ર ક્ષયરોગી આપ
મંગળ છે અંગાર, બુધ શિર કલંક છાપ;
ગુરુએ ગુમાવી નારી, શુક્ર આંખે છે કાણો,
શનિ લૂલો સર્વદા, રાહુ શિર વિના ગણાણો;
વળી કેતુને તો ધડ નથી, એમ નવે દુખિયા થયા,
ગ્રહ નડવાથી જ દુઃખ થાય તો, ગ્રહને ગ્રહો નડ્યા કિયા?

# ઝવેરચંદ મેઘાણી

છંદમાં કે લયમાં અને હવે તો છંદ અને લય વિના પણ અછાંદસને નામે જે કોઈ શબ્દ જોડે માથાઝીંક કે મથામણ કરતો હોય એને આપણે સહેલાઈથી કવિ તરીકે ઓળખાવી દઈએ છીએ. આમ, આપણી ઉદારતાને કારણે 'કવિ' શબ્દ પોતાનો અર્થ ગુમાવીને ક્યારનો એક ખૂણામાં ચૂપચાપ બેઠો છે. આવી પરિસ્થિતિને પરિણામે જ કદાચ શ્રી સુન્દરમે મેઘાણીને માત્ર કવિ નહીં પણ સુકવિ કહ્યા હશે.

લોકસાહિત્યની વિદ્યાપીઠમાં તૈયાર થયેલા આ 'સાક્ષર ચારણ'ની કૃતિનો મિજાજ જુદો છે. પોતાની કૃતિના નોખાપણાથી મેઘાણી પૂરેપૂરા વાકેફ હતા. 'શબ્દના સોદાગરને' કાવ્યમાં તેઓ કહે છે:

*તારી જણસ વીરા જુદિયું એના જુદા જાણણહાર જી,*
*જૂઠાં રે નામ એનાં પાડીશ નૈ ભલે નવ જડે લેનાર.*

સામાની ફરમાયેશ પ્રમાણે નહીં પણ પોતાના હૃદયમાં જે સૂર ઊઠે – એ સૂરના ઈમાનને જાળવીને એમણે ગાયું છે. આ ઈમાન એ મેઘાણીની અઢળક મૂડી છે. આ કવિએ પોતાના શબ્દને, એની શક્તિ-અશક્તિને પૂરેપૂરી પિછાણી છે. પોતાની શબ્દસૃષ્ટિના મેઘાણી કેવા પારખુ હતા, એનો ખ્યાલ તો પોતાના કાવ્યસંગ્રહને 'યુગવંદના' નામ આપ્યું એ પરથી પણ આવી શકે એમ છે.

જનતા એ જ કવિ મેઘાણીની જનેતા છે. 'યુગવંદના'નું પ્રથમ કાવ્ય:

*લાગ્યો કસુંબીનો રંગ, રાજ, મને લાગ્યો કસુંબીનો રંગ –*



'કસુંબીનો રંગ' કવિતામાં મેઘાણીની સમગ્ર સાહિત્યપ્રવૃત્તિ જાણે કે ઘૂંટાઈ ગઈ છે. 'કસુંબીનો રંગ' મેઘાણીનું આત્મનિવેદન છે, એમનો આત્મપરિચય છે. વિષય અને ભાવની દૃષ્ટિએ 'યુગવંદના'ના પહેલા પાનામાંથી પછીનાં પાનાંઓ વિસ્તરે છે, વિકસે છે.

મેઘાણીએ ટાગોરની કવિતાનો અનુવાદ કર્યો. પણ એ અનુવાદ જુદી કક્ષાનો છે. 'રવીન્દ્રવીણા' ટાગોરની હોવા છતાં માત્ર ટાગોરની નથી. મેઘાણીની પણ છે. રવીન્દ્રની વીણાની સાથે મેઘાણીનો એકતારો પણ સંભળાયા કરે છે, મેઘાણી અનુવાદ કરે છે પણ એ શુદ્ધ કે સંપૂર્ણ અનુવાદ નથી કરતા, મૂળ કૃતિના પ્રાણને વળગી રહેતા એ પ્રાણની જેમાં પ્રતિષ્ઠા થઈ છે, એ દેહની અવગણના ક્યારેક તેઓ કરી બેસે છે. મૂળ કૃતિને આત્મસાત્ કરી એનું અનુસર્જન કરે છે. આવું કરવા જતાં ટાગોરનું નામ મેઘાણી ભૂંસી નથી નાખતા, તો ટાગોરના નામ તળે મેઘાણીનું નામ દટાઈ પણ જતું નથી.

# આષાઢી સાંજ

આષાઢી સાંજનાં અંબર ગાજે,
અંબર ગાજે, મેઘાડંબર ગાજે! – આષાઢી૦

માતેલા મોરલાના ટૌકા બોલે,
ટૌકા બોલે, ધીરી ઢેલડ ડોલે. – આષાઢી૦

ગરવા ગોવાળિયાના પાવા વાગે,
પાવા વાગે, સૂતી ગોપી જાગે. – આષાઢી૦

વીરાની વાડીઓમાં અમૃત રેલે,
અમૃત રેલે, ભાભી ઝરમર ઝીલે. – આષાઢી૦

ભાભીના રાતીચોળ ચૂંદડ ભીંજે,
ચૂંદડ ભીંજે, ખોળે બેટો રીઝે. – આષાઢી૦

આષાઢી સાંજનાં અંબર ગાજે,
અંબર ગાજે, મેઘાડંબર ગાજે. – આષાઢી૦



જનનીના હૈયામાં પોઢંતા પોઢંતા પીધો કસુંબીનો રંગ;
ધોળાં ધાવણ કેરી ધારાએ ધારાએ પામ્યો કસુંબીનો રંગ. – રાજ..
બહેનીને કંઠે નીતરતાં હાલરડાંમાં ઘોળ્યો કસુંબીનો રંગ;
ભીષણ રાત્રિ કેરા પહાડોની ત્રાડોએ ચોળ્યો કસુંબીનો રંગ. – રાજ..
દુનિયાના વીરોનાં લીલાં બલિદાનોમાં ભભક્યો કસુંબીનો રંગ;
સાગરને પાળે સ્વાધીનતાની કબરોમાં મહેક્યો કસુંબીનો રંગ. – રાજ..
ભક્તોના તંબૂરથી ટપકેલો મસ્તીભર ચાખ્યો કસુંબીનો રંગ;
વહાલી દિલદારાના પગની મેંદી પરથી ચૂમ્યો કસુંબીનો રંગ – રાજ..
નવલી દુનિયા કેરાં સ્વપ્નોમાં કવિઓએ ગાયો કસુંબીનો રંગ;
મુક્તિને ક્યારે નિજ રક્તો રેડણહારે પાયો કસુંબીનો રંગ. – રાજ…
પિડિતની આંસુડાધારે – હાહાકારે રેલ્યો કસુંબીનો રંગ;
શહીદોના ધગધગતા નિઃશ્વાસે નિઃશ્વાસે સળગ્યો કસુંબીનો રંગ. – રાજ
ધરતીનાં ભૂખ્યાં કંગાલોને ગાલે છલકાયો કસુંબીનો રંગ;
બિસ્મિલ બેટાઓની માતાને ભાલે મલકાયો કસુંબીનો રંગ. – રાજ…
ઘોળી ઘોળી પ્યાલા ભરિયા : રંગીલા હો ! પીજો કસુંબીનો રંગ;
દોરંગાં દેખીને ડરિયાં : ટેકીલા તમે! હોંશિલા તમે ! રંગીલા તમે લેજો કસુંબીનો રંગ!
રાજ, મને લાગ્યો કસુંબીનો રંગ -
લાગ્યો કસુંબીનો રંગ !



# નર્મદ

ગુજરાતી સાહિત્યસૃષ્ટિમાં અર્વાચીન યુગના સ્વરૂપવિધાયક તરીકે નર્મદનું સ્થાન અવિસ્મરણીય છે એટલે જ, એને વિશે સહેજ પણ વાત કે વિચાર કરવાનો પ્રસંગ આવે છે ત્યારે એને માટે સહૃદય એક વિશિષ્ટ ઉષ્મા અનુભવ્યા વિના રહી શકતો નથી.

સાહિત્યની આબોહવાને પોતાના જુસ્સાથી બદલી નાખનાર આ પ્રતિભાશાળી પુરુષનો જન્મ ૧૮૩૩માં સૂરતમાં થયો હતો. નર્મદાશંકર લાલશંકર દવેમાંથી એ 'વીર નર્મદ' કે 'અર્વાચીનોમાં આદ્ય' કઈ રીતે થયો – એવી એની જીવનસામગ્રીની હકીકતો – એટલે કે એના જન્મના બિંદુથી માંડીને ૧૮૮૬માં એ મૃત્યુ પામ્યો ત્યાં સુધીની એની તડકીછાંયડી, કોઈ પણ જીવનકથાના સિદ્ધહસ્ત સર્જકને જીવનકથા લખવા પ્રેરે એવી છે. સ્થૂળ અને સૂક્ષ્મ ઘટનાઓ અને સંઘર્ષોની પરંપરા તથા એનો સામનો એટલે નર્મદનું જીવન. લાચારીથી પરિસ્થિતિનો સ્વીકાર કરીને એણે ક્યારેય સમાધાન કર્યું નથી. ખુવારીના ડર વિનાની ખુમારીથી નર્મદ એક કવિને છાજે એવા સ્વમાનથી જીવી ગયો. એથી જ કદાચ આધુનિક કવિ શ્રી નિરંજન ભગતે અત્યંત લાક્ષણિક રીતે માત્ર બે જ પંક્તિમાં નર્મદના જીવનકાર્યને – જીવનકાવ્યને આમ બિરદાવ્યું છે:

ક્યાં તુજ જોસ્સો કેફ, ક્યાં આ જંતુ માણહાં?
માથા પરની રેફ, નર્મદ સહેજ ખસી ગઈ.



'નગરકાવ્ય'ના ઉન્મેષનો સળવળાટ પણ એની રચનામાં દેખાય છે. 'સૂરત' નામનું એનું કાવ્ય જોવા જેવું છે.

તાપી દક્ષિણ તટ, સૂરત મુજ ઘાયલ ભૂમિ,
મને ઘણું અભિમાન, ભોંય તારી મેં ચૂમી.

જેની જન્મભૂમિ સૂરત હતી અને કર્મભૂમિ મુખ્યત્વે મુંબઈ રહી એ નર્મદ ઓછો મહત્ત્વાકાંક્ષી નહોતો. મહાકાવ્ય રચવાના એને ભારે કોડ હતા. દોઢેક હજાર પંક્તિઓનું 'હિંદુઓની પડતી' નામનું લાંબું કાવ્ય પણ એણે રચ્યું. મહાકાવ્ય દીર્ઘ હોય છે પણ બધી જ દીર્ઘરચનાઓ મહાકાવ્ય ક્યાંથી થઈ શકે?

નર્મદે એકલે હાથે ઘણું બધું કર્યું એની તો એના દુશ્મનથી પણ ના પડાય એમ નથી. કોશ તૈયાર કર્યો ને વિવેચનો પણ કર્યાં: આત્મકથાઓ લખી અને ચરિત્રો પણ લખ્યાં. મંડળીઓ મેળવી અને ચર્ચાઓ પણ કરી. અનેકવિધ પ્રવૃત્તિઓમાં એણે પોતાની જાતને પરોવી દીધી.

પ્રેમ-શૌર્ય એ નર્મદનો મંત્ર. નીડરતા અને નિખાલસતા એ ગુણો એનામાં વણાઈ ગયા હતા. જે વયે જ્યારે સામાન્ય રીતે માણસ પોતાની મુગ્ધાવસ્થાનાં વર્તુળમાં જ અટવાતો હોય અને સ્વભક્તિની આરાધના માંડી બેઠો હોય ત્યારે નર્મદે આગળ-પાછળની કશી પણ તમા કર્યા વિના નોકરી છોડી દીધી અને કલમમાં જ પોતાના ભાવિને સમેટી લેવાનો સંકલ્પ કર્યો. કલમને એણે કહ્યું: 'હવે હું તારે ખોળે છઉં.' અને એ જીવનના અંત લગી કલમને ખોળે શિશુસહજ મુગ્ધતાથી ખેલ્યો અને ગુજરાતી કવિતા એના અંગની રજકણથી મલિન થઈને ધન્ય થઈ ગઈ.



જય જય ગરવી ગુજરાત !
જય જય ગરવી ગુજરાત,
દીપે અરુણું પરભાત,
ધ્વજ પ્રકાશશે ઝળળળ કસુંબી, પ્રેમ શૌર્ય અંકિત;
તું ભણવ ભણવ નિજ સંતજિ સઉને, પ્રેમ ભક્તિની રીત
ઊંચી તુજ સુંદર જાત,
જય જય ગરવી ગુજરાત.

ઉત્તરમાં અંબા માત,
પૂરવમાં કાળી માત,
છે દક્ષિણ દિશમાં કરંત રક્ષા, કુંતેશ્વર મહાદેવ;
ને સોમનાથ ને દ્વારકેશ એ, પશ્ચિમ કેરા દેવ-
છે સહાયમાં સાક્ષાત
જય જય ગરવી ગુજરાત.

નદી તાપી નર્મદા જોય,
મહી ને બીજી પણ જોય.
વળી જોય સુભટના જુદ્ધ રમણને, રત્નાકર સાગર;
પર્વત પરથી વીર પૂર્વજો, દે આશિષ જયકર-
સંપે સોયે સઉ જાત,
જય જય ગરવી ગુજરાત.

તે અણહિલવાડના રંગ,
તે સિદ્ધરાજ જયસિંગ.
તે રંગ થકી પણ અધિક સરસ રંગ, થશે સત્વરે માત !
શુભ શકુન દીસે મધ્યાહ્ન શોભશે, વીતી ગઈ છે રાત.
જન ઘૂમે નર્મદા સાથ,
જય જય ગરવી ગુજરાત.



નવ કરશો કોઇ શોક, રસિકડાં, નવ કરશો કોઇ શોક.

યથાશકિત રસપાન કરાવ્યું, સેવા કીધી બનતી.

પ્રેમી અંશને રુદન આવશે, શઠ હરખાશે મનથી.

મર્મ ન સમજે બકે શંખ શઠ, વાંકું ભણે બહુ પણથી.

એક પીડમાં બીજી ચીડથી, જળશે જીવ અગનથી.

હતો દુખિયો થયો સુખિયો, સમજો છૂટ્યો રણથી.

મૂઓ હું તમે પણ હજી મરશો, મુક્ત થશો જગતમથી.

હરિકૃપાથી મમ લેખચિત્રથી, જીવતો છઉં હું દમથી.

વીરસત્ય ને રસિક ટેકીપણું, અરિ પણ ગાશે દિલથી.

જુદાઇદુ:ખ તે નથી જ જવાનું, જાયે માત્ર મરણથી.

મરણ પ્રેમીને ખચીત મોડું છે, દુ:ખ વધે જ રુદનથી.

જગતનીમ છે જનમમરણનો,  દૃઢ રહેજો હિંમતથી.

મને વિસારી રામ સમરજો, સુખી થાશો એ લતથી.



# જયા મહેતા

જયાબહેન મહેતા એસ. એન. ડી. ટી. યુનિવર્સિટીમાં પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપાર્ટમેન્ટ સાથે સંકળાયેલાં છે. એસ. એન. ડી. ટી. પહેલાં પણ એમણે અન્ય કૉલેજમાં પ્રાધ્યાપિકા તરીકે અને એ પહેલાં પણ શાળામાં શિક્ષિકા તરીકે કામ કર્યું છે. લખવું અને વાંચવું અને અન્ય કોઈ પ્રવૃત્તિમાં કે વ્યક્તિમાં વલખવું નહીં, એ એમનો સ્વભાવ છે. છેલ્લાં થોડાંક વર્ષોમાં એમણે એક કાવ્યસંગ્રહ આપ્યો, સંપાદનો આપ્યાં, અનુવાદો આપ્યા. શિક્ષણ અને સર્જનકર્મની વચ્ચે એમણે મહાનિબંધ પણ તૈયાર કર્યો અને ડૉક્ટરેટની ડિગ્રી પણ મેળવી. આ બધી બાહ્ય વિગતો છે. તાજેતરમાં એમને દુર્ગા ભાગવતના પ્રસિદ્ધ પુસ્તક 'વ્યાસપર્વ'ના અનુવાદ માટે શરદચંદ્ર આંતરભારતી અનુવાદ પારિતોષિક, મરાઠી અનુવાદક અશોક શહાણે સાથે રૂ.૫૦૦૦ની રકમ વિભાજિત થઈને – મળ્યું. અનુવાદ એ કળા છે અને શાસ્ત્ર પણ. પણ અહીં મારે અનુવાદકળા કે શાસ્ત્રની વાત નથી કરવી. ગુજરાતમિત્રના વાચકો એમના 'રેણુ'ના અનુવાદથી સુપરિચિત છે.



કે...
પંખી ઊડવા માટે જીવે છે કે આકાશ માટે જીવે છે કે ઈંડા માટે જીવે છે કે બચ્ચાં માટે જીવે છે કે પોતા માટે જીવે છે કે ચણવા માટે જીવે છે કે જીવવા માટે જીવે છે કે જન્મ્યું એટલે જીવે છે કે જીવ્યા વગર છૂટકો નથી એટલે જીવે છે કે મરતાં નથી આવડતું એટલે જીવે છે કે મરવાની બીક લાગે છે એટલે જીવે છે કે મરવાની ઇચ્છા નથી એટલે જીવે છે કે મરવું એટલે શું એ ખબર નથી એટલે જીવે છે કે જીવવું એટલે શું એ ખબર નથી એટલે જીવે છે કે શા માટે જીવવું એ જાણતું નથી એટલે જીવે છે કે શા માટે મરવું એ જાણતું નથી એટલે જીવે છે કે પોતે જીવે છે એ ખબર નથી એટલે જીવે છે કે મરવાનું છે એ ખબર નથી એટલે જીવે છે કે...

(વૅનીશન બ્લાઇન્ડ, પૃ.૪૩)

# અવિનાશ વ્યાસ



વીસમી સદીના ગુજરાતી સુગમ સંગીતના પર્યાય જેવા અવિનાશ વ્યાસ ગુજરાતી પ્રજાના કંઠમાં અને કાનમાં કાયમ માટે વસી રહેલા સંગીતકાર અને ગીતકાર છે. આ જ વાતને સહેજ સમજાય એ રીતે કહેવી હોય તો કહી શકીએ કે એક અવિનાશમાં એકીસાથે બે અવિનાશ છે. સંગીતકાર અને ગીતકાર ક્યારેક એકમેક સાથે મીઠી સ્પર્ધા કરે છે. કોઈક વાર સંગીતકાર આગળ નીકળી જાય છે તો કોઈક વાર ગીતકાર. ક્યારેક સૂર શબ્દને ખેંચે છે તો ક્યારેક શબ્દ સૂરને. સંગીતકારના ફ્લાવરવાઝમાં ગીતકાર અવિનાશના બગીચાનાં કેટલાંય ફૂલો લય અને તાલની હવામાં ઝૂલ્યાં કરે છે.

એક જમાનો એવો હતો કે આપણાં લોકગીતો એક કાનથી બીજા કાન પર પહોંચતાં અને પ્રજાના કંઠમાં આપમેળે ઊછરતાં. ભાગ્યે જ કોઈ ગુજરાતી એવો મળે કે જેણે અવિનાશ વ્યાસનું નામ જાણીને કે જાણ્યા વગર પણ એમનું એકાદ ગીત ગુંજ્યું-ગાયું ન હોય. વર્ષો પહેલાં ગુજરાતી લોકગીતના ચૌદેક દળદાર મણકા પ્રગટ થયા હતા એમાં અવિનાશ વ્યાસનાં અસંખ્ય ગીતો લોકગીતોના નામે છપાયાં હતાં. કોઈ ગીતકાર આટલી હદે પ્રસિદ્ધ નથી થયો. માણસમાં કંઈક હોય તો જ પ્રજા એને સ્વીકારે છે. અવિનાશમાં જે કંઈક છે તે એમના ગીતના ઉપાડની જનોઈવઢ ઘા કરતી પ્રથમ પંક્તિ. દાખલા તરીકે, 'પાંદડું લીલું ને રંગ રાતો', 'મારી વેણીમાં ચાર ચાર ફૂલ', 'તારી બાંકી રે પાઘલડીનું ફૂમતું રે', 'છાનું રે છપનું કંઈ થાય નહીં, થાય નહીં, ઝમકે ના ઝાંઝર તો ઝાંઝર કહેવાય નહીં', કે 'રાખનાં રમકડાં મારા રામે રમતાં રાખ્યાં રે.'

પ્રભુ! ત્હારી મંડાણી દુકાન.
વદે ગોર, પંડ્યા, પૂજારી : 'કોઈ લઈ લ્યો રે ભગવાન!'
પ્રભુ! ત્હારી મંડાણી દુકાન.

ધનવાનોએ ભગવાનોનો શું ઇજારો રાખ્યો?
પુણ્ય પાપનો દોર પ્રભુ શું નાણાંથી રહે આંક્યો?
પૈસાથી પકવાન મળે, તુજ અન્નકૂટ પકવાન.
પ્રભુ! ત્હારી મંડાણી દુકાન.

શું દ્વારિકા, શું અમ્બિકા, શું કાશી, શું વૃન્દાવન,
મથુરા, ગોકુલ, કે રામેશ્વર, હરદ્વારનું આંગણ;
શુદ્ધ ભક્તિની શક્તિ કેરાં ક્યાંય નહિ નિશાન.
પ્રભુ! ત્હારી મંડાણી દુકાન.

થાળ ધરાવે મિલમાલિક ને ધજા ચઢાવે શેઠ,
પૂજનઅર્ચનના પણ પૈસા, વૈકુંઠ આવે હેઠ;
પૂછું પ્રભુ! આ પ્રભુતાનાં કે લઘુતાનાં એંધાણ?
પ્રભુ! ત્હારી મંડાણી દુકાન.

દામ હોય તો રામ મળે ને નામ હોય તો તીરથ ફળે;
ગરીબ તુજને મનમંદિરમાં રાખી ઘરનો લોટ દળે,
કદી નથી બેધ્યાન રહ્યો ને આજે શું અણજાણ?
પ્રભુ! ત્હારી મંડાણી દુકાન

પૈસા દીધે મારુતિને ફૂલ સિન્દુર ને તેલ ચઢે,
મહાદેવનું પુણ્ય પામવા, રુદ્રી કેરા દામ પડે,
ગરીબાઈનાં ક્યાંયે નહિ પ્રભુ થાશે શું સન્માન?
પ્રભુ! ત્હારી મંડાણી દુકાન

# આદિલ મન્સૂરી



**આ**દિલ માત્ર મારો જ નહીં, ગુજરાતી સાહિત્યનો અને ઉર્દૂ સાહિત્યનો પણ મનગમતો શાયર છે. ગુજરાતી ગઝલ એક ઢાંચામાં હતી, એ ઢાંચામાંથી મુક્તિ આપવાનો યશ કંઈક અંશે હરીન્દ્રને જાય છે, તો મહદંશે આદિલને જાય છે. ગઝલ એ માત્ર શબ્દોની ઊડતી હવાઈઓ નથી, પણ એમાં પણ સઘન અને ગહન ઊર્મિનું વહન શક્ય છે એ સિદ્ધ કરી આપવામાં આદિલનો પુરુષાર્થ આપણે સ્વીકારવો જ રહ્યો. ઉર્દૂ સાહિત્યનું આ કાવ્યસ્વરૂપ ગુજરાતીમાં કેટલાયે તબક્કાઓમાંથી પસાર થયા પછી સ્થિર થયું એનો યશ ગઝલકારોની પુરોગામી પેઢી અને નવીન પેઢીને આપવો જોઈએ. પુરોગામી પેઢીમાં શયદા, મરીઝ, બરકત, શૂન્ય પાલનપુરી, સૈફ પાલનપુરી વગેરેને ન ભૂલીએ તો નવી પેઢીમાં આદિલ, મનોજ, રાજેન્દ્ર શુક્લ, ભગવતીકુમાર શર્મા, નયન દેસાઈ વગેરેનાં નામ ગણાવી શકીએ. હરીન્દ્રની ગઝલ આ બંને પેઢીને સાંકળતી એક કડી જેવી છે. નવી પેઢીના કવિઓએ એ પણ સિદ્ધ કરી આપ્યું છે કે ગઝલ કેવળ મુશાયરાની ચીજ નથી.

આદિલની ગઝલમાં સંવેદનાનું જલશિલ્પ છે. ગઝલમાં પ્રેમનો રંગ તો હોય જ; પણ આદિલની ગઝલમાં આવેશના શબ્દો કે શબ્દનો આવેશ દેખાતો નથી, પણ અનુભવાય છે ઊર્મિની સ્થિર છતાંયે ગઝલના સ્વરૂપમાં અનિવાર્ય એવી સ્વૈર ગતિ. ક્યારેક માત્ર બે જ પંક્તિમાં જીવનની વેદનાને એ કેવી રીતે મૂર્તિમંત કરી શકે છે, એ જોવા જેવું છે.

નદીની રેતમાં રમતું નગર મળે ન મળે,
ફરી આ દૃશ્ય સ્મૃતિપટ ઉપર મળે ન મળે.

ભરી લો શ્વાસમાં એની સુગંધનો દરિયો,
પછી આ માટીની ભીની અસર મળે ન મળે.

પરિચિતોને ધરાઈને જોઈ લેવા દો,
આ હસતા ચ્હેરા; આ મીઠી નજર મળે ન મળે.

ભરી લો આંખમાં રસ્તાઓ, બારીઓ, ભીંતો,
પછી આ શહેર, આ ગલીઓ, આ ઘર મળે ન મળે.

રડી લો આજ સંબંધોને વીંટળાઈ અહીં,
પછી કોઈને કોઈની કબર મળે ન મળે.

વળાવા આવ્યા છે એ ચ્હેરા ફરશે આંખોમાં,
ભલે સફરમાં કોઈ હમસફર મળે ન મળે.

વતનની ધૂળથી માથું ભરી લઉં આદિલ,
અરે આ ધૂળ પછી ઉમ્રભર મળે ન મળે.

૨૨-૧૨-૧૯૮૫

# વેણીભાઈ પુરોહિત

વેણીભાઈને સભાનતા બહુ ગમતી જ નહોતી. ગૃહસ્થી હિપ્પી જેવું એમનું બિનધાસ્ત વ્યક્તિત્વ હતું.

મંચ પર એ ક્ષોભ પામતા. આ ક્ષોભ થાય છે એને એ પોતાની રીતે વ્યક્ત કરતા. કહેતા, 'હું તો શયનખંડની પ્રિયતમા, જાહેરમાં હાથ ન ઝાલું.' એક કવિ-સંમેલનમાં અમે મિત્રોએ એમને વિનવણી કરી અને કહ્યું કે તમારું કાવ્ય એટલું સારું છે, પણ તમે જે રીતે વાંચો છો, એ રીત કવિતાને મારી નાખે છે. પછી માનશો? આ વાતથી એ ઉશ્કેરાયા નહીં, કવિતા કઈ રીતે વંચાય એ જાણી લીધું, અને રીતસરનું રિહર્સલ કરી જ્યારે એમણે કાવ્યપઠન કર્યું ત્યારે બે હાથા પર શ્રોતાઓએ અળગા રાખેલા હાથ એકાએક એક થઈ ગયા અને તાળીઓના ગડગડાટના ઘુમ્મટમાં વેણીભાઈનું કાવ્યપઠન દીપી ઊઠ્યું.

વેણીભાઈ સ્વમાની અને મિજાજી ખરા, પણ વ્યવહારુ નહીં, એટલે જ્યાં રજવાડી વાતાવરણ હોય ત્યાંથી એ દૂર ખસવાનો પ્રયત્ન કરતા. બંદૂકમાંથી ગોળીઓ છૂટે એવી એમની જબાન. એક વાર મેં એમને પૂછ્યું કે તમારી પાસે આ વાણીનો વૈભવ ક્યાંથી? તો મને કહે, 'મારી પાસે તો કશું જ નથી, મારા બાપને બોલતા સાંભળ્યા હોય તો હું બહુ ફિક્કો લાગું.' એમણે પોતાના પિતાએ લખેલા એક પત્રની વાત કરી. કૉલમજીવી વેણીભાઈને પિતાએ એક પત્તું લખેલું: 'વેણી, છાપામાં ગાડાં ભરીને લખે છે, તો બાપને બે અક્ષર લખતાં ઝાટકા વાગે છે?' એમના પિતા ક્રોધી અને રૂઢિચુસ્ત હોવા જોઈએ. વેણીભાઈ કહે, 'હું વાળ કપાવીને આવું, તો તરત મારા બાપા મારી કોથમીરના ઝૂડા જેવી ચોટલીને જુએ, પછી જ એમને શાંતિ વળે.' ગામ છોડ્યા પછી એ ચોટલીને મુંબઈ ગળી ગયું. એ તો આપણે બધા જ જાણીએ છીએ



દશા પર દાઝનારા ને દશા પર દૂઝનારાઓ,
નથી હોતા ખુમારીથી જીવનમાં ઝૂઝનારાઓ.
દિશા જાણ્યા વિનાના છે દશાથી ધ્રૂજનારાઓ,
કહી દો એમને કે હે દશાના પૂજનારાઓ!
દશા તો છે સડક જેવી, સડક ચાલી નથી શકતી.
સડકને ખૂંદનારાને સડક ઝાલી નથી શકતી.

# જગદીશ વ્યાસ

હમણાં જગદીશ વ્યાસ નામના નવા કવિનો સંગ્રહ 'પાર્થિવ' વાંચ્યો. ૧૮ ઑગસ્ટ, ૧૯૫૯માં સુરેન્દ્રનગરમાં જન્મ અને ૧૯૮૪માં પ્રથમ કાવ્યસંગ્રહનું પ્રકાશન. છેંતાળીસ પાનાંમાં પથરાયેલાં કાવ્યોની અને એમાંથી ઊપસતી કવિની છબિની વાત કરવી છે. જેનાથી બહુ સંભાળવા જેવું છે, એવા ગઝલના પ્રકારને કેટલાયે કવિઓ અજમાવતા રહ્યા છે. કોઈક ફાવતા રહ્યા છે, તો કોઈક ડૂબતા રહ્યા છે.

સમકાલીન જીવનનો અસંતોષ, આક્રોશ, અહીં દેખાયા કરે છે. માણસ માણસને મળતો નથી, અથવા મળી શકતો નથી; અથવા મળવા જેવું રહ્યું છે પણ ક્યાં? – એની વેદનાથી કવિજીવ વલોવાયા કરે છે. ક્યારેક આ વલોણામાંથી કાવ્યનું નવનીત મળે છે, અને ક્યાંક નવનીત ન મળે તોપણ વલોણું ચાલ્યા કરે છે, એની પણ નોંધ લેવી જોઈએ.

– આપણી ભીતર અનેક વિરોધો – વિરોધાભાસો છે જ, કારણ કે કોઈ પણ માણસ અખંડ જીવનનો અનુભવ તો ક્યારેક એકાદ ક્ષણમાં કરતો હોય છે. આપણે ખંડિત જીવનના ખંડિયેરમાં ફરીએ છીએ અને ક્યારેક આવી પંક્તિઓ ઊપસી આવે છે.

કોરો રહું છું સાત સાગરમાંય હું,
ને એક બિંદુમાં પલળતો હોઉં છું.



## કાલ

સૂરજ તો ઊગવાનો કાલ છતાં આજ એની આગાહી કરવી મુશ્કેલ છે
ઓચિંતી ઝાડ પર વીજળી પડે ને રહે ઠૂંઠું ત્યાં એવો આ ખેલ છે

કોને છે જાણ અહીં કાલ હશે ટેકરો કે કૂવો કે સાવ ખાલી ખાડો
આપણી ને કાલની વચાળ એક ભારેખમ કાળોધબ પરદો છે આડો
આજ અહીં ઝાડવું ને ઝાડવાને હરખાતી હરખાતી વીંટાતી વેલ છે

અધવચ્ચે બનનારી ઘટનાને ધારો કે ચકલી જાણી લે શરૂઆતમાં
પૂંઠાની જેમ તૂટે પાંખ એની ખૂલે તો ખૂલ્યા ભેગી જ વલોપાતમાં
હમણાં તો નીડ ભણી તરણું લઈ ઊડે છે ચકલી તો કેવી ગાફેલ છે!

ફળિયામાં રોપેલા નાનકડા છોડ બધા સીંચીસીંચીને ઉગાડશે?
અથવા તો હેલ અને પાણિયારું તૂટે એમ પાણિયારા માથે પછાડશે?
શું કહેવું કાલ એક ગાંડીના માથા પર મૂકેલી સોનાની હેલ છે!



આંખ

આ

ધન્ય છે.

નરેન્દ્ર મોદી

# મનોગત

હું સાહિત્યકાર કે કવિ નથી.
વધુમાં વધુ મારી ઓળખ
સરસ્વતીના ઉપાસકની હોઈ શકે.
ઘણા લાંબા સમયથી ટપકાવેલું – ટાંકેલું
વેરણછેરણ પડેલું સઘળું સંકલિત થતાં
નાનકડા પુસ્તકરૂપે અવતાર પામતો
આ સંગ્રહ આપના હાથમાં મૂકું છું.
મારી વિનંતી છે:
પુસ્તકમાં મારા પદને ન જોતાં,
કાવ્યના પદને જ માણજો.

મારા ભાવવિશ્વની
ઊઘડતી નાનકડી બારીમાંથી
જગતને જેવું જોયું, જેવું અનુભવ્યું,
જેવું જાણ્યું, જેવું માણ્યું
તેના પર અક્ષરનો અભિષેક છે.
મારું ચિંતન, મનન કે અભિવ્યક્તિ
મૌલિક હોવાનો મારો દાવો નથી.
વાંચેલા, સાંભળેલા—ના છાયા-પડછાયાથી પણ
તે મુક્ત ન હોઈ શકે.
મારી રચનાઓ ક્યારેય
જાહેરમાં કસોટીએ કસાયેલ નથી.
તેથી તેની ઊણપો તરફ પણ
મારું ધ્યાન ગયું નથી.
બધી રચનાઓ પાકટ જ હોય એવું ન પણ બને...
પરંતુ ક્યારેક કાચી કેરીનો
આસ્વાદ પણ અલગ સ્વાદ
આપી જતો હોય તેમ બને.

ગુજરાતના અનેક સાહિત્યમોભીઓને માણ્યા છે.
ગુજરાતની સાહિત્યયાત્રાના એક યાત્રી – મોજી
શ્રી સુરેશભાઈ દલાલ સાથેની સાહિત્યચર્ચામાં
મારા અંદર પડેલી કવિતાને તેઓ પારખી ગયા.
તેમના સ્નેહને કારણે મારા ભાવવિશ્વને
મેં તેમની સામે ખોલ્યું... ખોલાઈ ગયું...
તેમનો આગ્રહ રહ્યો કે મારું ભાવવિશ્વ
મારી અંગત મૂડી ભલે હોય પણ
આપણે ગુજરાતી માણસ –
મૂડી પડી રહે ન પાલવે
અને તેમાંથી મારી વેર-વિખેર રચનાઓએ
સંસારનો માળો બાંધવાનું આરંભ્યું.
બધું ભેગું કરતાં કરતાં
માળો ખાસ્સો મોટો થઈ ગયો.
શ્રી સુરેશભાઈએ સમય કાઢી
તેમાંથી કેટલીક કવિતાઓ તારવી કાઢી,
અને એક સ્થપતિની જેમ
માળો બાંધવામાં ખાસ્સી મદદ કરી.
મારી રચનાઓનો આ માળો
આપને નિમંત્રે છે...
પળ બે પળ વિસામો લેવા પધારો.
મારા આ માળામાં આપનું ભાવજગત ભળે
અને ઊર્મિઓ લહેરાય.

કવિતાની સાથે
પ્રકૃતિયાત્રાની કલ્પના શ્રી સુરેશભાઈએ આપી.
મને ગમી, આપને પણ ગમશે જ...

૨૦-૩-૨૦૦૭,
વર્ષ પ્રતિપદા



# ધન્ય

પૃથ્વી આ રમ્ય છે.
આંખ આ ધન્ય છે.

લીલાછમ ઘાસ પર તડકો ઢોળાય અહીં.
તડકાને કેમે કરી ઝાલ્યો ઝિલાય નહીં.
વ્યોમ તો ભવ્ય છે.
ને પૃથ્વી આ રમ્ય છે.

આભમાં મેઘધનુષ મ્હોરતું, ફોરતું.
હવામાં રંગનાં વર્તુળો દોરતું.
કિયા ભવનું પુણ્ય છે?!
જિંદગી ધન્ય છે, ધન્ય છે.

સમુદ્ર આ ઊછળે સાવ ઊંચે આભમાં.
કોણ જાણે શું ભર્યું છે વાદળોના ગાભમાં!
સભર આ શૂન્ય છે.
પૃથ્વી આ રમ્ય છે.

માનવીના મેળા સાથે મેળ આ મળતો રહ્યો.
ને અન્યના સંગાથમાં હું મને કળતો રહ્યો.
આ બધું અનન્ય છે.
ને કૈંક તો અગમ્ય છે.

ધન્ય ધન્ય ધન્ય છે.
પૃથ્વી મારી રમ્ય છે.

## આશ

અજવાળાની આશા લઈને અંધારાં ઉલેચ્યાં.
માનાં અંધારાં ઉલેચ્યાં.
અજવાળાની આભા લઈને અંધારાં ઉલેચ્યાં.
માનાં અંધારાં ઉલેચ્યાં.

કાલચક્રની વીંધી કાલિમા
ઉજાસને અવ નહીં કોઈ સીમા.
જ્યોતિ આજે પ્રગટી ઊઠી
જાણે નવ-રંગી પરવાળાં.
અજવાળાં અજવાળાં.
આજે અજવાળાં અજવાળાં.
અજવાળાની આશા લઈને અંધારાં ઉલેચ્યાં.

ગતિ એક ને મતિ એક
ને પ્રગતિનો પણ પંથ એક છે.
અચળ ટેક ને અચળ નેક
ને જીવનભરનો ભેખ એક છે.
કુસંપના તો કાયમ માટે વાસી દીધાં છે તાળાં.
અજવાળાં અજવાળાં.
અજવાળાની આશા લઈને અંધારાં ઉલેચ્યાં.

યશ-કીર્તિની કોઈ તમા નહીં
કોઈ ગમા કે અણગમા નહીં,
હૈયામાં તો સદા ક્ષમા રહી
હૃદયને રામ તણાં રખવાળાં.
અજવાળા અજવાળા.
અજવાળાની આશા લઈને અંધારાં ઉલેચ્યાં.




# ગૌરવ

મને સદા ગૌરવ છે કે માનવ છું ને હિન્દુ છું.
પળ પળ એવું અનુભવું કે વિશાળ, વિરાટ હું સિન્ધુ છું.

કોઈની નહીં હું કરું બાદબાકી
કરું સર્વનો સરવાળો,
માણસમાત્રનો સહવાસ ગમે છે
લગનીભર્યો હૂંફાળો.
નર્મદાનાં નીર રક્તમાંઃ ફૂલ પર ઝાકળબિન્દુ છું.
મને સદા ગૌરવ છે કે માનવ છું ને હિન્દુ છું.

આંખ ભલે નાની લાગે
પણ દૃષ્ટિ હોય વિશાળ,
સંપ્રદાયની શેરી નહીં
પણ વિધવિધ હોય નિશાળ.
સૂર્ય, વાદળ, ગ્રહ, નક્ષત્રો, મારા આભમાં ઇન્દુ છું.
મને સદા ગૌરવ છે કે માનવ છું ને હિન્દુ છું.





પતંગ –

– જાણે કે મારો ગાયત્રીમંત્ર.
શ્રીમંત હોય, ધીમંત હોય
કે રંક હોય –
બધાને જ 'કટી પતંગ'
ભેગા કરવાનો આનંદ.
આ આનંદ પણ નોખો–અનોખો.
કપાયેલા પતંગ પાસે
આકાશનો અનુભવ છે,
હવાની દિશાની ગતિનું જ્ઞાન છે,
પોતે એક વાર ઊંચે ગયો ને ત્યાં થોડુંક રહ્યો
એનું પ્રત્યક્ષ પ્રમાણ છે.

પતંગ....

મારું સૂર્ય તરફનું પ્રયાણ.
પતંગનો જીવ દોરમાં
પતંગનો શિવ વ્યોમમાં
પતંગનો દોર મારા હાથ
મારો દોર શિવજીના હાથ
પતંગ કાજે પવનવાટ
શિવજી બેઠા હિમઘાટ
પતંગનાં સપનાં માનવથી ઊંચાં અદકાં
પતંગ ઊડે શિવજીને ખોળે
માનવ ભોંય બેઠો ગૂંચ ઉકેલે.


ઘરે
રહો
સુરક્ષિત
રહો



જય જય ગરવી ગુજરાત

વંદે માતરમ્


ધન્યવાદ
THANK YOU